## Brief History

Since medieval times many views have been expressed by different historians about Surat and in all the historical narratives Surat has emerged as one of the major ports of international importance on the map of the world trade. Although during the Restoration of the Fort, during the research and by excavation and explorations it is found that long ago by the Tughalaq dynasty (c. 1351-1388 A.D.) the Fort was built on the bank of river Tapi in Surat, which was relatively smaller than the present Fort.


In the year 2015, the Government of Gujarat has given the responsibilities of conservation and restoration of historical Fort of Surat to Surat Municipal Corporation. After detailed examination, research and scientific cleaning, Surat Municipal Corporation has started conservation and restoration work of the Fort. After the completion of the first phase work, a part of the Fort was opened for general public to visit on Dt. 13/04/2018.

### સંક્ષિપ્ત ઈતિહાસ

મધ્યયુગીન કાળમાં સુરતની ઓળખના સંદર્ભમાં, વિવિધ ઈતિહાસકારો દ્વારા ઘણા બધા વિચારો વ્યક્ત કરવામાં આવ્યા છે, તમામ ઐતિહાસિક વાતોમાં સુરત વિશ્વ વેપારના નકશા પર આંતરરાષ્ટ્રીય મહત્વના મુખ્ય બંદરો પૈકી એક હતુ તે સત્ય હકીકત પ્રસ્થાપિત થાય છે. કિલ્લાની સંરક્ષણ કાર્ય દરમિયાન કરવામાં આવેલ સંશોધન અને ઉત્ખનન દરમિયાન જાણવા મળ્યું કે કિલ્લાનો અમુક ભાગ તુઘલકકાળ (ઈ.સ. ૧૩૫૧–૧૩૮૮) દરમિયાન સુરતમાં તાપી નદીના કાંઠે બાંધવામાં આવ્યું હતું, જે પ્રમાણમાં નાનો કિલ્લો હતો.

વર્ષ ૨૦૧૫માં આ ઐતિહાસીક કિલ્લાના સંરક્ષણકાર્યની જવાબદારી ગુજરાત રાજ્ય સરકારે સુરત મહાનગરપાલિકાને સોંપી હતી. સુરત મહાનગરપાલિકા દ્વારા જીણવટભર્યા અભ્યાસ, સંશોધન અને વૈજ્ઞાનિકઢબે આકલન ક્ર્યા બાદ સંરક્ષણકાર્યના નિષ્ણાત ઈજારદારોને સંરક્ષણકાર્યની જવાબદારી સોંપી સમગ્ર કામગીરી આયોજનબધ્ધરીતે આદરવામાં આવી છે. કિલ્લાના સંરક્ષણ કાર્યના પ્રથમ ફેઝના એક ભાગનું સંરક્ષણ કાર્ય પૂર્ણ થયા બાદ જાહેરજનતાની મુલાકાત માટે તા. ૧૩ એપ્રિલ ૨૦૧૮ના રોજ લોકાર્પિત કરવામાં આવેલ.





## A-1 Building



### Vault

Most stunning find during the restoration process was secret vaults discovered inside the fort. It has a ventilation system through which cold air enters from the bottom and hot air evacuates from the top of the room. It is designed in such a way that these tunnels are not visible from outside.

### વોલ્ટ

કિલ્લામાં મળી આવેલા ગુપ્ત વોલ્ટ સમગ્ર સંરક્ષણ પ્રક્રિયાની ખાસ શોધ છે. કિલ્લાના ભોંયતળિયે વોલ્ટમાં હવાની અવર જવર માટે ઠંડી હવા નીચેના ભાગમાંથી આવતી તથા ગરમ હવા ઉપરના ભાગમાંથી નીકળી જાય તેવી વ્યવસ્થા હતી. આ વ્યવસ્થા માટેની સુરંગો બહારથી ન જોઈ શકાય તેવી રીતે તેની રચના કરવામાં આવી હતી.





### British Tea Room

A portion of the building which was constructed during post independence of India, is converted in to the British period Tea-room

### બ્રિટિશ ટી-રૂમ

આ ઈમારતનો એક ભાગ સ્વતંત્ર ભારતના સમયે નિર્માણ પામેલ, જેને બ્રિટિશ ટી-રૂમનું રૂપાંતરીત કરવામાં આવ્યું છે.





## A-3 Building



### Gallery of Surat Archives

In this gallery, historical maps of Surat, timeline of history of Surat and Surat Fort, alteration made in Surat Fort at various time is depicted by various maps, maritime history and various other process of conservation and restoration is narrated by various penal. Throne of last Nawab of Surat, Nawab Afzaluddin Khan along with other accessories and write-up on various personalities of Surat are represented in these galleries.

### સુરતના પુરાલેખની ગેલેરી

આ ગેલેરીમાં સુરતના ઐતિહાસીક નકશાઓ, સમયરેખામાં ઐતિહાસીક સુરત અને સુરતનો કિલ્લો, સમુદ્રી ઈતિહાસ અને કિલ્લાના વિવિધ ભાગના સંરક્ષણ કાર્યની વિવિધ પેનલ દર્શાવી છે. સુરતના છેલ્લા નવાબ અફઝલુદ્દીન ખાનનું સિંહાસન અને અન્ય ચીજવસ્તુઓ તથા સુરતના ગણમાન્ય મહાનુભાવોની વિગત આ ગેલેરીમાં પ્રદર્શિત કરવામાં આવી છે.

### British Life Style Room and Travellers to Surat Gallery

In this gallery one can feel the life style of British people of $17^{th}$ to $19^{th}$ century through display. Penals of write-up by various travellers visited Surat from $15^{th}$ century are showcased in this gallery.

### બ્રિટિશ જીવનશૈલી દર્શાવતો ખંડ અને સુરતના મુલાકાતીઓની ગેલેરી

આ ગેલેરીમાં મુલાકાતીઓ 17મી થી 19મી સદી સુધીની બ્રિટિશ જીવન શૈલી અનુભવી શકે છે. આ ઉપરાંત સુરતની મુલાકાતે 15મી સદીથી વિવિધ દેશોમાંથી મુલાકાતે આવેલ મુલાકાતીઓની વિગતો અહીં પ્રદર્શિત કરી છે.

### Burj and Rampart

In-between A2-A3 building Rampart and Burj of Tughalaq and Gujarat Sultanate period are restored



### બુર્જ અને રેમ્પાર્ટ

તુઘલક અને ગુજરાત સલતનત કાળમાં બનેલા બુર્જ અને રેમપાર્ટ એ-૨ અને એ-૩ ઈમારતની વચ્ચે સંરક્ષિત કરવામાં આવ્યા છે.



## A-2 Building





### Dutch Life Style Room and Court Room

To showcase the Dutch life-style, portion of the building has been converted into the Dutch Life-style Room of $18^{th}$-$19^{th}$ Century. The Court-room showcases furniture which gives actual feeling of British Era Court Room.

### ડચ જીવન શૈલી દર્શાવતો ખંડ અને ન્યાયાલય


18મી- 19મી સદી દરમિયાનના ડચ લોકોની જીવનશૈલીને દર્શાવવા માટે આ ભાગને ડચ જીવનશૈલી દર્શાવતા ખંડ તરીકે વિકસાવ્યો છે. આ ખંડને ન્યાયાલય તરીકે દર્શાવવા વિવિધ ફર્નિચરને તૈયાર કરીને સંપૂર્ણ ન્યાયાલય બ્રિટિશ કાળના ન્યાયાલયની અનુભૂતી આપે છે.

### TRADE GALLERY AND JAIL

In this gallery Surat minted coins, trade commodities, trade jars, British ceramic wares etc are displayed.

### ટ્રેડ ગેલેરી અને જેલ

આ ભાગમાં સુરત ટંકશાળના સિક્કાઓ, વેપારમાં વપરાતી ચીજ-વસ્તુઓ, કોઠીઓ તથા બ્રિટિશ બનાવટના ચીનાઈ માટીના પાત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે.





### Mughal and Armenian Gallery

In this gallery cannon balls found from Fort, marble seating area and Armenian tombstone are exhibited.

### મુગલ અને આર્મેનિયન ગેલેરી

આ ગેલેરીમાં કિલ્લામાંથી મળેલા તોપના ગોળાઓ, મુગલકાળમાં જોવા મળતા આરસની બેઠક વ્યવસ્થા તથા આર્મેનિયન કબરોના શિલાલેખ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.











